Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. જેષ્ઠ સુદ ૧૫ સંવત ૧૯૪૮ અંક.૩ જો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्त्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ માર્ફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૨

મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧) અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જૂદું.
છુટક અંક એકના રૂ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ |
|---|---|
| ૧ કર્મની ગતિ. (પદ્ય) | ૩૩ |
| ૨ કમળસેન. | ૩૪ |
| ૩ સંબોધસત્તરી. | ૩૯ |
| ૪ મનુષ્ય જન્મ પામીને ધર્મ સાધનમાં આળસ ન કરવા વિષે. | ૪૨ |
| ૫ સ્ત્રી. | ૪૫ |
| ૬ વર્તમાન સમાચાર અને જૈન વર્ગને અગત્યની સૂચના. | ૪૭ |


ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહીં.

## ગ્રાહકોને ભેટ.

### श्री नलदमयंती चरित्र.

જે જે ગ્રાહાકોએ લવાજમ મોકલાવેલ છે તેમાં ભેટની બુકના પોસ્ટેજનો અરધો આનો વધારે મોકલનારને ભેટ મોકલાવેલ છે. બાકીના ગ્રાહકોએ અરધો આનો મોકલી બુક મંગાવી લેવી સાથે નવા વર્ષનું લવાજમ મોકલશે તો અનુકુળ પડશે.

લવાજમ મોકલવાના આળસુ ગ્રાહકોને હજુ પણ ભેટની બુકનો લાભ લેવો હોય તો ચડેલા લવાજમ સાથે નવા વર્ષનું લવાજમ અને ભેટની બુકની પોસ્ટેજનો અરધો આનો મોકલાવવો એટલે તેમને ભેટ મોકલાવશું.

## ગ્રાહકોને નવા વર્ષની ભેટ.

### જૈન પંચાંગ.

તિથિઓની વધઘટ વાર્ષીક જૈનપર્વ, તિથિ, વાર, ઈંગ્રેજી તારીખ, દિવસ અને રાત્રીના ચોઘડીયાના યંત્ર તથા સૂર્યોદય સૂર્યસ્તનો વખત વિગેરે બતાવનારૂં તપાગચ્છની સમાચારી પ્રામણેનું જૈન બંધુઓને ઉપયોગી

વાર્ષીક પચાંગ

(સંવત ૧૯૪૮ ના ચૈતરથી સંવત ૧૯૪૯ ના ફાગણ સુધીનું)

કિંમત એક આનો.

ગ્રાહાકોને ભેટ તરીકે ગયા અંક સાથે મોકલાવેલ છે. પચીસથી વધારે નકલ મંગાવનારને માટે અરધાઆના પ્રમાણે આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જિનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ જેષ્ઠ શુદિ ૧૫ સંવત ૧૯૪૮ અંક ૩ જો.


## कर्मनी गति.

("નાથ કેસે ગજકો બંધ છોડાવ્યો" એ રાહ.)

જુઓ ભાઇ કર્મ તણી ગતિ ભારી, જે છે હૃદયમાં વિસ્મય કારી; એ ટેક.
કોઇ કપોતને કહેછે કપોતી, નાથ આવ્યો મૃત્યુ કાળ;
નીચે વ્યાધ રહ્યો શર તાકી, ઊંચે ભમે બાજ ફાળ. ૧ જુઓભાઈ૦
તેવે સમે કોઈ સર્પે આવી, ડશીઓ વ્યાધ અમાપ;
શર છુટવાથી બાજ મરાણો, કુશળ રહ્યા તે આપ. ૨ જુઓભાઈ૦
કમળ કોશમાં ભમર ભરાણો, વાસ લોભથી આપ;
અસ્ત થતાં રવી ત્યાંહીં પુરાણો, ધારે તે આશ દુરાપ. ૩ જુઓભાઈ૦
રાત્રી જશે સુપ્રભાત થશે ને, ઉદય થશે દીન નાથ,
પંકજ લક્ષ્મી વિકાશ થશેને, નિકળીશ હું મુદ સાથ. ૪ જુઓભાઈ૦
તેવે સમે મદધારી આવ્યો કરી, ખેલતો જલમાં ખૂબ;
ભ્રમર સહિત કમળ તે કરીએ, કરથી ગ્રહ્યું લય રૂપ. ૫ જુઓભાઈ૦
સર્પ કરંડમાં ભક્ષ્ય આશથી, ઉંદર અંદર પેઠો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્ષ્ય બોરિંગ તણો થયો પોતે, આત્મ દેહ ખોઇ બેઠો. ૬ જુઓભાઈ૦
રાજ્યાસનપર આરૂઢ થાવા, રામ થયા તૈયાર;
આવી પડયો વનવાસ અચાનક, ભોગવ્યું દુઃખ અપાર. ૭ જુઓભાઈ૦
લોભ કરી ધન સંચય કીધો, કરીઆ પાપ અપાર;
મૃત્યુ આવતાં ધન તે રઝળ્યું, પડ્યો નરકનો માર. ૮ જુઓભાઈ૦
રંગિત સુંદર મહેલ બનાવ્યો, જે પરિવારની સારૂ;
વાસ કરે ભૂત પક્ષી ઘણાં ત્યાં, ઉગે તૃણાંકુર દારૂ. ૯ જુઓભાઈ૦
લક્ષ્મી તરંગ સમાન ચપળ છે, વિદ્યુતસમ વપુ માનો;
કર્મ વિદારો ઈશ ભજનથી, નર્મદ શિવપદ પામો. ૧૦ જુઓભાઈ૦

---

# कमळसेन.

( સાંધણ પાને ૨૯ થી.)

એવી રીતે ચારે સખીઓ દ્રઢ મનથી ચતુર્થ વ્રત પાળીને દેવ લોકમાં રતિસુંદર નામે વિમાનમાં દેવીપણે ઉત્પન્ન થઇ. અનુક્રમે ઘણાકાળ સુધી દિવ્ય સુખ ભોગવી વિશેષ પુણ્યના યોગે ત્યાંથી ચવી આ નગરમાં કાંચન, કુબેર, ધરણ અને પુણ્યસાર નામે શ્રેષ્ટીની વસુંધરા, પદ્મિની, લક્ષ્મી અને વસુશ્રી નામની સ્ત્રીઓની કુક્ષિને વિશે ઉત્પન્ન થઇ. તેના તારા, શ્રી, વીનયા અને દેવી એવા નામ પાડયા. પદ્મિનીથી જેમ સરોવર શોભે તેમ તે બાળાઓથી તેમના પિતાના ઘર શોભવા લાગ્યાં, ચારે બાળાઓ પુણ્યના યોગથી સહજ યત્ને સર્વ કળા ભણી. યૌવન પ્રાપ્ત થયું ત્યારે તેઓનું રૂપ અતિશય વૃદ્ધિ પામ્યું. પૂર્વ ભવના પ્રેમથી ચારેને સ્નેહ થયો. ગુરૂ મહારાજ પાસે બારવ્રત અંગીકાર કર્યા. પૂર્વભવે આપેલા દાનના પ્રભાવથી તે ચારે બાળાના તેના પિતાએ વિનયંધર કુમાર સાથે લગ્ન કર્યા સરખા પુણ્યવાળાનો સહેજે યોગ આવી મળે છે. પુણ્યાનુબંધી પુણ્યરૂપ વર્ષાદથી સીંચન કરેલ સપ્તક્ષેત્રમાં વાવેલી લક્ષ્મી તેઓને ઉત્તમ પ્રકારના આનંદ ભોગવવાને ફળીભૂત થઈ. ( ગુરૂ મહારાજા રાજાને કહે છે. ) હે રાજન્! પુણ્યના યોગથી દેવતાઓ જેની સાનિધ્ય કરી રહ્યા છે એવા એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ધર્મશાલિત દંપતિને જે વિઘ્ન કરે છે તેઓનો તત્કાળ નાશ થાય છે. તમે જાણોછો અને તેનો પ્રભાવ તમે નજરેજ જોયો છે કે જ્યારે તમે તેની ઉપર કુદ્રષ્ટિ કરી અને તેના શિયળવ્રતને ખંડિત કરવા ધાર્યું ત્યારે સાસન દેવીએ તેના વિચિલ-બિભત્સરૂપ કર્યા. શીલથી જેઓનું તેજ સ્ફુરાયમાન થઇ રહ્યું છે એવી તે મહાસતીઓના એક હુંકારાથી હાંકી કાઢેલ મનુષ્ય-તે ગમે તેવી વિદ્યાએ યુક્ત હોય તોપણ-ભસ્મસાત્ થાય છે પરંતુ પોતાના સમ્યકત્વ ગુણથી ઉત્પન્ન થયેલી દયાને લીધે તેઓએ તમારી ઉપર લેશ માત્ર ક્રોધ કર્યો નહિ અને તમને પ્રતિબોધ આપી અથવા ગમે તે પ્રકારે સમજાવી પોતાનું શીલ રક્ષણ કરવા ધાર્યું. સાસન દેવીની કૃપાથી તેઓ તેની મતલબમાં ફળીભૂત થઇ અને તમારે વિમાસવું પડ્યું. યક્ષ રાક્ષસ અને વિદ્યાધરો તેની વિરાધના કર્યાથી જે કરી શકે છે તે કરતા કોઇપણ મહા સતી તેના શીલનું ખંડન કરવાનો વિચાર કર્યો હોય તો વંશારે શિક્ષા કરી શકે છે. હે ધરાધીશ! તમે પણ ભાગ્યશાળી કે કામદેવથી પીડિત થયેલ તમારા આત્માને થોડીવારમાંજ ચેતાવ્યો અને વિપરીત કાર્ય કરતા અટકયા. શીલવૃક્ષનુ એવું ઉત્તમ ફળ જાણીને તમારે તે વૃક્ષના ફળનું આસ્વાદન કરવામાં ઉદ્યમ કરવો યુક્ત છે.'

એ પ્રમાણે જ્ઞાની ગુરૂની વાણી સાંભળીને રાજાના મિથ્યાત્વ રૂપી દ્રષ્ટિ પટલ નાશ પામ્યા અને સર્વ ભાવને સમ્યક્ રીતે જણાવનાર સમકિત રત્ન પ્રાપ્ત થયું. મુનિ મહારાજાને પુનઃપુનઃ નમસ્કાર કરી કહ્યું કે હે ભગવાન્! એઓ ધન્ય છે, એમનું જીવન સફળ છે કે જેઓનો વૃત્તાંત સર્વેને એકાંત સુખ આપનાર છે. હું તો મહા પાપી, દુષ્કાર્ય કરવાવાળો, સતીઓને સંતાપનારો, નિંદનીયમાં પણ નિંદ્ય અને હીન થકી પણ હીનછું. તોપણ એટલું જાણુંછું કે પૂર્વે કાંઇ પુણ્ય કર્યું હશે જેથી પૂજ્યપાદના વચનામૃત શ્રવણ કરવાથી મારા કર્ણ પવિત્ર થયા. જો એટલા પણ ભાગ્ય નહોતતો આપની દેશના સાંભળવાનો વખત ક્યાંથી આવત. હવે વધારે કહેવાથી સર્યું પરંતુ આપે વર્ણવેલ દુર્ધર શિયલવ્રત આજથી જીવિત પર્યંત સર્વથા પાળીશ. એમ કહી ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છા બતાવી.

તે સમયે ચારે સ્ત્રીઓ સહિત વિનયંધર બોલ્યો—સ્વામિન્! આપના વચનરૂપ મંત્રથી અમારો વિષયગ્રહ નાશ પામ્યો માટે પુજ્યપાદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની પાસે અમે ચારિત્ર ગ્રહણ કરશું.

'ઉત્તમ કાર્યમાં પ્રતિબંધ ન કરવો. ઉત્તમ પુરૂષોને ઉત્તમ માર્ગે પ્રવર્તવું એ ઉચિતજ છે.' એમ ગુરૂ મહારાજાએ કહ્યું એટલે તેઓ સર્વે દીક્ષાની તૈયારી કરવા નગરમાં ગયા. રાજાને પુત્ર ન હોવાથી પ્રધાન અને સામંતોએ એકત્ર થઈ વિજ્ઞપ્તિ કરી.' પરંતુ જ્યાં વૈરાગ્ય વૃદ્ધિ પામ્યો ત્યાં બીજાઓનું તેવું કથન કેમ માન્ય રહે. રાજાએ તેઓ સર્વેને સમજાવી જેને ૭ માસનો ગર્ભ થયો છે એની પોતાની વૈજયંતી નામે પટ્ટરાણીને રાજ્યાભિષેક કરી, મંત્રી સામંતોને પોત પોતાના કાર્યમાં કુશળ રહેવાની આજ્ઞા કરી, વિનયંધર અને તેની સ્ત્રીઓને વારંવાર ક્ષમાવી, જિનેશ્વરના પ્રાસાદમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી, સાત ક્ષેત્રમાં પુષ્કળ દ્રવ્ય વાવી, યાચકોને અગણિત દ્રવ્ય આપી મોટા આડંબરે દીક્ષા ગ્રહણ કરવાની તૈયારી કરી. ગુરૂ મહારાજા પાસે જઈ વિનયંધર, તેની સ્ત્રીઓ અને બીજા અનેક નગર જનોની સાથે દીક્ષા અંગીકાર કરી.

તેવાર પછી મંત્રી અને સામંતોએ આશ્વાસન કરેલી તે વૈજયંતી રાણી પુત્રની આશાથી પોતાનો ગર્ભ સુખે પાળવા લાગી. જ્યારે પૂર્ણ સમય થયો ત્યારે એક દિવસ રાત્રીએ તેણીને પુત્રી પ્રસવી. તે જોઈને મનમાં અત્યંત ખેદ પામી–મંત્રીને એકાંતે બોલાવી સર્વ વૃત્તાંત જણાવ્યો. તેઓએ એકાંતે ગોઠવણ કરી પુત્ર જન્મના સમાચાર બહાર પાડયા. વધામણીઓ આપી નગરમાં મોહોટો ઉત્સવ કર્યો. તે પુત્રીને તે દિવસથી એકાંતમાં રાખવા માંડી. જ્યારે યૌવન વય પામી ત્યારે રાણી અત્યંત વિચારમાં પડી. મંત્રીને બોલાવીને કહ્યું કે આને યોગ્ય કોઈ મનોહર પતિ શોધો. તે સાંભળી મંત્રીએ પ્રભાવિક યક્ષની આરાધના કરી. ત્રીજે દિવસે તે યક્ષ પ્રસન્ન થઈ બોલ્યો કે—આ નગરની સીમમાં સરોવર તીરે હું પોતનપુરના રાજકુમારને લાવીશ. તે કુમાર આ કુંવરીને યોગ્ય વર છે; તે તેણીના પૂર્વ ભવનો ભર્તાર છે. આ નગરનો સ્વામી થવાને પણ તેજ લાયક છે.

( મંત્રી, કમલસેન કુમારને કહે છે. ) તેજ હું મંત્રી યક્ષના આદેશથી સાં આવ્યો. તે પછીનો સર્વ વૃત્તાંત તમે જાણોછો. મારી સાથે પુરૂષ વેશ ધારણ કરેલ જે કુમારને આપે જોયો તે તે કન્યાજ હતી. આપને જોવાથીજ તેણીનો તમારી ઉપર તીવ્ર રાગ બંધાયો તે આપ જાણોછો. માટે અન્યને ઉપકાર કરવાનોજ જેનો શીલ છે એવા આપે તે કુંવરીનો મનોર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થ પૂર્ણ કરવો. હે રાજકુમાર ! આ પ્રમાણે પરમાર્થ છે. આપની પાસે મેં સઘળું યથાસ્થિત નિવેદન કર્યું છે. હવે આપને યોગ્ય લાગે તેમ કરો."

એ પ્રમાણેનો આનંદકારી વૃત્તાંત સાંભળીને દાક્ષિણ્ય ગુણ સંપૂર્ણ કુમાર ખુશી થયો અને મંત્રીનું વચન માન્ય કર્યું. પૂર્વ ભવના સંબંધથી તેનો પણ રાજકન્યા ઉપર તીવ્રરાગ થયો. મંત્રીશ્વરે સર્વ વૃત્તાંત રાણીને જણાવ્યો અને જ્યોતિષીને તેડાવી લગ્ન દિવસ મુકરર કર્યો. વિવાહને માટે અનેક પ્રકારની તૈયારીઓ થઇ અને લગ્ન દિવસે શુભ મુહુર્તે કમલસેન કુમારે ગુણસેનાનું પાણીગ્રહણ કર્યું. તેજ દિવસે તેને અંગદેશના સામ્રાજ્ય ઉપર પટ્ટાભિષેક કર્યો.

એ સમાચાર દેશોદેશ વિસ્તર્યા કેટલાએકો ને સાંભળી આનંદ પામ્યા અને કેટલાએક આશ્ચર્ય પામ્યા. આ જગત્‌માં વિચિત્ર પ્રકારના મનુષ્યો હોય છે. કેટલાએકોનો સ્વભાવ એવો હોય છે કે તેઓ અન્ય મનુષ્યોની ઉન્નતિને સહન કરી શકતા નથી અને તેની ઉપર મત્સર ધારણ કરે છે. વત્સદેશનો સમરસિંહ નામે રાજા તેવા સ્વભાવનો હોવાથી આ સમાચાર સાંભળી કમલસેન ઉપર મત્સરભાવ ધારણ કરવા લાગ્યો. તેણે તરતજ ચંપાપુરીએ પોતાના દૂતને મોકલ્યો. તે દૂત કમલસેન રાજાની સભામાં આવી કહેવા લાગ્યો કે—'ભો સ્વયંભૂત રાજા ! ક્રમાગત આવેલી રાજ્ય સંપત્તિ પણ મુસ્કેલીએ ભોગવાય છે તો તું સ્વામી વગરની આ રાજ્ય લક્ષ્મીને ભોગવતા કેમ નથી બ્હીતો. શું જગત્ સર્વે રાજા રહિત થયું છે? મારા સ્વામીએ કહેવરાવ્યું છે કે ક્યાં તો તારે જલદી તેની આજ્ઞા માન્ય કરવી. ક્યાં તો આ રાજ્ય છોડી પલાયન કરવું અને ક્યાં તો રણભૂમિમાં લડાઈ કરવાને સજ્જ થવું. એ શિવાય ચોથો ઉપાય નથી.'

દૂતની એવી વાણી સાંભળીને મનમાં ક્રોધ ઉત્પન્ન થયો તો પણ બહારથી હસીને કમલસેન ભૂપતિ બોલ્યો—'મારી પોતાની થયેલી પૃથ્વીને બીજો કોણ ગ્રહણ કરવાની ઈચ્છા રાખે છે? તારા સ્વામીને બહુજ આકાંક્ષા હોય તો તેને જલદી અત્રે મોકલ હું પ્રથમના બંને ઉપાય છોડીને સંગ્રામને વિષે સજ્જ છું; રણભૂમિમાં તાહારા સ્વામીને સિંહપણું છોડીને શ્વાનપણું ન ગ્રહણ કરવું પડે એ ધ્યાનમાં રાખવા સુચવજે.'

એવી રીતે કર્કશ વચન કહી દૂતને વિસર્જન કર્યો. પોતે ચતુરંગ સૈન્ય સજ્જ કરી દેશને સીમાડે મુકામ કર્યો. સમરસિંહ પણ પોતાનું લશ્કર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈ ત્યાં આવ્યો. બંને સેના પરસ્પર મળી. યુદ્ધની તૈયારી થઈ. તે સમયે મોટો આરંભ અને યુદ્ધમાં ઘણા મનુષ્યોનો પ્રાણ નીકળી જશે એમ ધારી દયાળુ ચિત્તવાળા કમલસેને સમરસિંહને કહ્યું–યુદ્ધ તો આપણે બે કરીએ છીએ તેમાં ફોકટ બીજાના પ્રાણને પીડા ઉત્પન્ન કરવાનું શું કારણ છે? માટે આ સર્વ આરંભ નીવારી આપણે બે પરસ્પર યુદ્ધ કરીએ.' તેણે તે કબુલ કર્યું. એટલે બંને જણાએ દ્વંદ્વયુદ્ધ કરવા માંડયું. ઘણીવાર સુધીનો બેમાંથી એકે હઠયા નહિ પરંતુ આખરે કમલસેન ભૂપતીએ એક પ્રહારથી સમરસિંહને મુર્છા પમાડી. તરતજ તે ભૂમિ પર પડયો. તે વારે કમલસેને પોતે તેને પાણી સીંચવા માંડયું. વસ્ત્રથી પવન નાખી કેટલીકવારે સ્વસ્થ કર્યો. પુનઃઆશ્વાસના આપીને કહ્યુ—હે રાજન્! તમે નામથી અને પરિણામથી ખરેખર સમરસિંહજ છો. માટે ખેદ ન પામો અને પુનઃહથીયાર ધારણ કરી સજ્જ થાઓ.

તેના તેવા વચન સાંભળી અહો! કેવું આનું શુરવીરપણું! કેવું એનું કળાકૌશલ્ય! એ કોઈ રાજકુળમાં ઉત્પન્ન થયેલ મહાન્ પુરૂષ જણાય છે. કયાં હું વૃદ્ધ છતાં પણ લોભી અને કયાં તે લઘુ અવસ્થાવાળો વિનય તત્પર. મારામાં અને તેનામાં કેવો તફાવત! મેં લોભદશાથી એનું અપમાન કર્યું અને આવો મોટો આરંભ રચ્યો અને એણે મારી ઉપર ઉપકાર કર્યો અને તે સાથે આવા પ્રીતિમય વચનોથી અત્યંત સંતોષ પમાડે છે. મારે ભોગને વિશે આશક્તિ યુક્ત નથી માટે હવે યોગાભ્યાસ કરવો એજ શ્રેયસ્કર છે. એમ વિચારી તે બોલ્યો—હે મહાસત્વ! માનઘાતથી મૃતક તુલ્ય થયેલ જે હું તેણે હવે તમારા જેવા વીર અને વિનયી પુરૂષની સાથે યુદ્ધ કરવું ઉચિત નથી. તમે મારી આઠ કન્યા સાથે પાણીગ્રહણ કરો અને મારૂં રાજ્ય ગ્રહણ કરો. હું આ ભવ અને પરભવને વિષે હિતકારી—ઉત્તમ ચારિત્ર ગ્રહણ કરીશ.

કમલસેને વિનયપૂર્વક ઉત્તર આપ્યો કે–મહિપતિ! ક્રમાગત આવેલું રાજ્ય તમેજ ભોગવો. વળી સમય આવે પરલોકનું પણ સાધન કરજો. એમ ઘણી રીતે સમજાવ્યો પરંતુ વૈરાગ્યને વિષે રક્ત થયેલ તે સમજ્યો નહિ એટલે તેની આઠ કન્યા અને રાજ્ય એ સર્વ કમલસેને ગ્રહણ કર્યું. તેણે સુધર્માચાર્ય સમીપે મોટા આડંબરથી દીક્ષા લીધી. કમલસેન નૃપતિ તે રાજ્યનો બંદોબસ્ત કરી બેવડી લક્ષ્મીથી શોભતો ચંપાપુરીએ આવ્યો. પા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જય સામ્રાજ્ય તે સુખે ભોગવતા કાળ નિર્ગમન કરે છે તેવામાં એક દિવસ પોતનપુરથી તેના પિતા શત્રુંજય ભૂપતિનો દૂત સભા મધ્યે આવી પ્રણામ કરીને બેઠો. માતા પિતાના કુશળ વર્તમાન પુછ્યા એટલે તે બુદ્ધિમાન્ દૂત બોલ્યો.—

( અપૂર્ણ. )

---

# संबोधसत्तरी.

(અનુસંધાન પાને ૨૨ થી.)

ઉન્માર્ગોપદેશકને દૃષ્ટીએ પણ ન જોવા એમ કહ્યા પછી ઉસન્નાની અનુવૃત્તિએ ન ચાલવા માટે પણ ઉપદેશ આપે છે.

**परिवार पूअ हेउ, उसन्नाणं च आणवित्तीए ॥**
**चरणकरणं निगूहइ, तं दूलहं बोहिअं जाणं ॥ ६१ ॥**

અર્થ—પરિવારની પૂજાના હેતુએ ઉસન્નાની અનુવૃત્તિએ ચાલે અને ચરણસિત્તરી કરણસિત્તરીને ગોપવે તેને બોધિ (સમકિત) દુર્લભ જાણવું. ૬૧

ભાવાર્થ—આ ગાથામાં મુનિરાજને ઉપદેશ છે. કોઈ મુનિ પોતાનો પરિવાર ઘણો હોય તે પ્રસંગે તે પરિવાર પૂજાવાને માટે કોઈ ઉસન્નો એટલે ચારિત્રમાં શિથિળતાવાળો હોય તેની અનુવૃત્તિએ ચાલે અને તેજ કારણથી પોતાના ચરણસિત્તરી અને કરણસિત્તરી ગુણને ગોપવે-ફોરવે નહીં. કેમકે જો ફોરવે તો આશ્રય લેવા ગયેલા ઊસન્નાની લઘુતા પ્રદર્શિત થાય અને પોતાને પણ લોકો કહે કે આવા ગુણવાન થઈને નિર્ગુણીની નિશ્રાએ શા માટે ચાલે છે? આવા મુનિને શાસ્ત્રકારે દુર્લભ બોધિ કહ્યા છે. અર્થાત્ જેને સમકિતની પ્રાપ્તિ દૂષ્કર છે એવા કહ્યા છે. ૬૧.

ઊસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષ પ્રાપ્તિ થયા વિના રહેતી નથી તે દૃષ્ટાંતવડે સિદ્ધ કરે છે—

**अंबस्सय निंबस्सय, दुण्हंपि समागयाइं मूलाइं ॥**
**संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥ ६२ ॥**

અર્થ—આમ્ર અને નિંબ બંનેના મૂળ એકઠા થયા છે. તેમાં નીંબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના સંસર્ગથી આમ્ર વિનષ્ટ થયો અને નિંબપણા પ્રત્યે પામ્યો. ૬૨

ભાવાર્થ—આંબાના અને લીંબડાના મૂળીયાં ભૂમીની અંદર જો એકઠા થાય તો આંબો મિષ્ટ રસને ત્યાગ કરી દઈને કટુપણાને પામી જાય છે અર્થાત્ લીંબડાની કડવાશની તેને સંપૂર્ણ અસર થઈ જાય છે એટલે તેના સંસર્ગથી તે વિકૃતિ પામી જાય છે. એ ઉપરથી વિચારવાનું એ છે કે આંબા જેવા ઉગ્ર મીષ્ટ રસવાળા વૃક્ષને પણ હલકાની અસર થાય છે તો બીજા વૃક્ષની તો શી વાત! તેમજ જો ઉત્તમ મનુષ્ય પણ હલકા મનુષ્યની સંગત કરે છે તો તે પણ તેવો થઈ જાય છે માટે મુનિમહારાજાએ ચારિત્રમાં શિથિલ થયેલા પાસથ્થા ઊસન્ના વિગેરેનો સંગ ન કરવો. જો સંગ કરે તો જરૂર તેની અસર થયા વિના રહે નહીં એવો આ ગાથાનો ભાવાર્થ છે.

વળી એજ વાતની પુષ્ટિને માટે કહે છે—

**पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होइ ॥**
**इय दंसणा सुविहिआ, मज्झि वसंता कुसीलाण ॥ ६३ ॥**

અર્થ—ચંડાળના કુળને વિષે વસતો એવો શકુન પારક (જ્યોતિષી) પણ નિંદનીક થાય છે. તેમજ સુવિહિત એવા મુનિ પણ કુસીલીઆમાં વસતા થકા નિંદનીક થાય છે. ૬૩

ભાવાર્થ—શકુનાદિક અનેક વિદ્યાનો પારગામી એવો મનુષ્ય પણ ચંડાળોના કુળ (સમુહ)માં રહેતો હોય તો ઊલટો નિંદાને પાત્ર થાય છે તેમજ સુવિહિત–સારા ક્રિયાપાત્ર એવા મુનિ પણ જો કુસીલીઆઓની સાથે રહે–તેનો સંસર્ગ રાખે તો અવશ્ય નિંદાને પાત્ર થાય છે. ૬૩

હલકાની સંગતથી એ પ્રમાણે હાની થાય છે એ બતાવીને હવે તેની સાથેજ ઉત્તમની સંગતથી થતો લાભ બતાવે છ—

**उत्तम जण संसग्गी, सीलदरिद्दंपि कुणइ सीलड्ढं ॥**
**जह मेरुगिरिविलग्गं, तिणंपि कणगत्तणमवेइ ॥ ६४ ॥**

અર્થ—ઉત્તમજનનો સંગ સીલ રહીતને પણ સીલ યુક્ત કરે છે જેમ મેરૂ ગિરિ સાથે લાગેલ તૃણ પણ સુવર્ણપણાને પામે છે. ૬૪

ભાવાર્થ—શીલ ગુણે કરી યુક્ત મનુષ્યને ઉત્તમજન કહીએ તેમનો સંસર્ગ એટલે તેમની સંગત શીલ રહીત–શીળદરીદ્રી મનુષ્યને પણ શીલા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે-શીલ સંયુક્ત કરે છે. દ્રષ્ટાંતમાં કહે છે કે જેમ મેરૂપર્વતની ઉપર ઉ-ગેલું ઘાસ પણ સુવર્ણના ભાવને પ્રાપ્ત થાય છે તેમ ઉત્તમ જન પણ અ-નેક પ્રકારે કરીને શીલ ગુણ યુક્ત કરે છે.

હવે જે પ્રાણીને મિથ્યાત્વનો ઉદય હોય છે તેને સર્વે વાતમાં મિથ્ય ભાવ આવ્યા વિના રહેતો નથી એટલે તેને ઉત્તમ જનની ખરી પરીક્ષા પણ થતી નથી માટે મહા દોષને ઉત્પન્ન કરનાર તો એક મિથ્યાત્વજ છે એમ બતાવવા કહે છે—

**नवि तं करेइ अग्गी, नेव विसं नेव किन्हसप्पोअ ॥**
**जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ ६५ ॥**

અર્થ—તીવ્ર મિથ્યાત્વ જીવની સાથે જેટલો મહાન દ્વેષ કરે છે તેટ-લો દ્વેષ નથી અગ્ની કરતી, નથી વિષ કરતું અને નથી કૃષ્ણસર્પ તેટ-લો દ્વેષ કરતું. ૬૫

ભાવાર્થ—સમકીતના લક્ષણથી વિપરિત લક્ષણ છે જેનું તે મિથ્યા-ત્વ કહીએ–તેનો ભાવાર્થ ટુંકામાં આ નીચેના શ્લોકમાં બતાવ્યો છે.

अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥ १ ॥

"અદેવને વિષે જે દેવ બુદ્ધિ, અગુરૂને વિષે જે ગુરૂ બુદ્ધિ અને અ ધર્મને વિષે જે ધર્મ બુદ્ધિ–એવા વિપર્યયપણાથી મિથ્યાત્વ જાણવું."

ઉપર પ્રમાણેના વિપરિત લક્ષણવાળું મિથ્યાત્વ જેવો જીવનો દ્વેષ કરે છે તેવો દ્વેષ નથી અગ્ની કરતું, નથી વિષ કરતું અને નથી કાળો સર્પ પણ તેવો દ્વેષ કરતું. કારણ કે અગ્નિ, વિષ અને કૃષ્ણસર્પ તો એક એકવાર પ્રાણનો નાશ કરી શકે છે—પણ મિથ્યાત્વ તો અનેક ભવ ભ્રમણ કરાવીને અનેકવાર મૃત્યુ પમાડે છે માટે મિથ્યાત્વ સર્વથા ત્યાજ્ય છે એમ સમજી સુદેવ, સુગુરૂ અને સુધર્મને વિષે ચિત્ત લગાડી સમકિતને અંગીકાર કરવું.

વળી મિથ્યાત્વ સતે બીજું બધું નિરર્થક છે એમ બતાવવા કહે છે—

**कट्ठं करेसि अप्पं दमेसि, अत्थं चयासि धम्मत्थं ॥**
**इक्कं न चयासि मिच्छत्तं, विसलवं जेण बुड्डिहसि ॥ ६६ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—કષ્ટ કરે છે, આત્માને દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે પણ જો વિષલવ તુલ્ય મિથ્યાત્વને તજતો નથી તો તે સર્વ નિરર્થક છે કારણ કે મિથ્યાત્વે કરીને સંસાર સમુદ્રને વિષે બુડે છે. ૬૬

ભાવાર્થ—કષ્ટ જે કાય ક્લેશ તે કરે, આત્માને વશ કરે, ધર્મ કાર્યમાં દ્રવ્ય વાપરે પણ જો મિથ્યાત્વને તજે નહીં તો જેમ અનેક પ્રકારની મિષ્ટ રસવતી ઝેરના બિંદુ માત્રથી ઝેર મય થઇ જઇને અભક્ષ અને નિરર્થક થાય છે તેમજ એ સર્વ કરણી નિરર્થક થાય છે. અને તે મિથ્યાત્વના ભારવડે પ્રાણી સંસાર સમુદ્રમાં બુડે છે. ૬૬

અપૂર્ણ.

## મનુષ્યભવ પામીને ધર્મમાં આળસ ન કરવા વિષે.

निःस्वः स्वित्सदसीश्वरस्य हि गतो राज्ञा तु तस्मै वरो ।
दत्तो लाहि गृहाद्यदीच्छसि धनं गेहे गतोऽवक् स्त्रियं ॥
तं साप्यानय खादयामि पुरतो भुक्त्वा प्रसुप्तस्तदो
थाप्यामेप्यत नाटयमैक्षत तु नो तन्नाप्तमस्ते रवौ ॥ १ ॥

કોઇ એક જન્મ દરિદ્રી પુરૂષ એક દિવસ રાજાની સભામાં યાચના કરવાં ગયો. રાજાએ પુછયું કે તું કોણ છે? તેણે કહ્યું કે હું જન્મ દરિદ્રી છું. ત્યારે રાજાએ તેને વર આપ્યો કે "આજ સાંજે સૂર્ય અસ્ત પામે ત્યાં સુધીમાં મારા ભંડારમાંથી જેટલું દ્રવ્ય તારાથી લઇ શકાય તેટલું તું લઇ જા." આ પ્રમાણેના રાજાના વચન સાંભળીને તે મૂર્ખ દરિદ્રી પોતાની સ્ત્રીને પુછવા ઘેર આવ્યો અને તેની પાસે રાજાએ કહેલાં વચન કહી સંભળાવ્યા. સ્ત્રીએ કહ્યુંકે "તમે સત્વર જાઓ અને જેટલું લવાય તેટલું દ્રવ્ય લાવવા માંડો." ત્યારે દરિદ્રી બોલ્યો કે પહેલાં જમીને પછી જઇશ. કહ્યુંછે કે "હજાર કામ મુકીને જમવું." સ્ત્રીએ તરતજ રસોઇ કરીને જમાડયો અને દ્રવ્ય લેવા જવાનું કહ્યું. એટલે તે દરિદ્રી બોલ્યો કે "હમણાજ જમ્યો છું એટલે મારૂં પેટ ભરાણું છે તેથી એક નિદ્રા લઇને પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઈશ." એમ કહીને સુતો. ઘણીવાર થઈ પણ જાગ્યો નહીં એટલે તેની સ્ત્રીએ જગાડીને દ્રવ્ય લેવા મોકલ્યો. પણ જતાં રસ્તામાં કાંઈક નાટક થતું હતું તે જોવા ઉભો રહ્યો. જોતાં જોતાં સૂર્ય અસ્ત થવા આવ્યો એટલે રાજ્યના ભંડાર તરફ ચાલ્યો. ઠેઠ પહોંચ્યો નહીં એટલામાં ભંડારી સૂર્ય અસ્ત થવાથી ભંડાર બંધ કરીને આવતો સામો મળ્યો. એટલે દરિદ્રી શોચ કરતો પાછો વળ્યો અને આખો જન્મારો દરિદ્રીનો દરિદ્રીજ રહ્યો. એ પ્રમાણે જે પ્રાણી દુર્લભ એવી ધર્મની સામગ્રી પામીને ધર્મ આચરતો નથી તે મૂઢ તે ભાગ્યહીન દરિદ્રીની પડે ભવાંતે પશ્ચાત્તાપ પામે છે. આ મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, પાંચ ઈંદ્રીની પૂર્ણતા, નિરોગીપણું, આયુષ્યની દીર્ઘતા અને એ સર્વની સાથે અત્યંત દુર્લભ એવી દેવગુરૂ ધર્મની જોગવાઈ પામ્યા છતાં પણ અનેક પ્રાણીઓ ખાવામાં, પીવામાં, પહેરવામાં, ઓઢવામાં, સુવામાં, નિદ્રા લેવામાં, સ્ત્રીસંગમાં, પુત્ર પુત્રાદિકમાં, કુટુંબ પરિવારમાં, દ્રવ્યોપાર્જનમાં અને બીજા અનેક પ્રકારના સાંસારીક કારણોમાં નિમગ્ન થઈ જઈને ધર્મારાધન કરતા નથી તે પ્રાણીઓ પાછળથી પ્રાણાંત અવસરે જ્યારે આગામી ભવમાં સહાય કરનાર સ્ત્રી, પુત્ર, પરિવાર કે દ્રવ્ય કોઇ થશે નહીં એમ જાણે છે અને પરભવની કમાણી અહીંઆં ખરચાઈ જવાથી તેમજ નવી કમાણી ન કરવાથી પોતાને ધર્મ-પુન્યરૂપ દ્રવ્યથી રહીત દરિદ્રી અવસ્થામાં દેખે છે તેમજ વળી સાંસારીક કારણોમાં તથા દ્રવ્યોપાર્જનમાં અનેક પ્રકારના પાપકર્મ બાંધેલા તેના માઠાં ફળ પોતાનેજ ભોગવવા પડશે એવું લક્ષપર રમી રહે છે ત્યારે પછી પૂર્ણ પશ્ચાત્તાપરૂપ સમુદ્રમાં ડુબી જાય છે અને પોતાને નિરાધાર જાણી તરફડીઆં મારે છે. કહ્યું છે કે—

**नृजन्म दुर्लभं प्राप्य, ये धर्मं नाचरंत्यथ ।**
**ते भाग्यहीनवत् मूढा, शोचयंति भवांतके ॥ १ ॥**

"દુર્લભ નર જન્મને પામીને જે પ્રાણીઓ ધર્મ પ્રત્યે આચરતા નથી તે મૂઢો ઉપર કથામાં બતાવેલા ભાગ્યહીન પુરૂષની જેમ ભવાંતે-મરણ સમયે શોચના-પશ્ચાત્તાપ કરેછે."

ઉપર લખેલી દરિદ્રીની કથાનો ઉપનય આ પ્રમાણે છે—

**राजा जिनेश्वरोह्यत्र, नृभवः कमलागृहं ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



द्रव्यं दानादिकं ज्ञेयं, मार्त्तंडश्चायुरेव च ॥ १ ॥
विषयादिषु ये सक्ता, स्तथैव कौतकादिषु ।
ते हारयंति सर्वस्वं, मानवा मानमोहिताः ॥ २ ॥

" અહિં રાજાતો શ્રીજિનેશ્વર છે. મનુષ્ય ભવરૂપી કમળાગૃહ—એટલે રાજ્યભંડાર છે દાનાદિક ચાર પ્રકારનો ધર્મ ( દાન, શિયલ, તપ અને ભાવ ) તે દ્રવ્ય છે અને આયુષ્યરૂપ સૂર્ય છે." ૧

શ્રી જિનેશ્વર ભગવંત ભવ્ય મનુષ્યોને કહે છે કે " તમારા આયુષ્ય રૂપી સૂર્ય અસ્ત થયા અગાઉ મનુષ્યભવરૂપ રાજ્યભંડારને પામીને ચાર પ્રકારના ધર્મનું આરાધન કરવારૂપ દ્રવ્ય જેટલું લેવાય તેટલું લઇ લ્યો." આ પ્રમાણેના રાજાએ આપેલા વરરૂપ શ્રી જિનેશ્વર ભગવંતના ઉપદેશને સાંભળ્યા છતાં પણ પેલા દરિદ્રી પુરૂષની પેઠે જે પ્રાણી સંસારના વિષયાદિકને વિષે તેમજ કૌતકાદિકને વિષે આસક્ત થઇને પેલો દરિદ્રી સૂર્યાસ્ત સુધીમાં જેમ દ્રવ્ય લેવા માટે પહોચ્યો નહીં તેમ આ મનુષ્યજન્મ સંબંધી આયુષ્ય સંપૂર્ણ થતા સુધીમાં પણ જેઓ ધર્માચરણ કરતા નથી તેવા સંસારના ગાનમાં મોહિત મનુષ્યો પોતાના સર્વસ્વને અર્થાત્ મનુષ્યજન્મરૂપી અપૂર્વ સામગ્રીને હારી જાય છે અને પાછળથી પશ્ચાત્તાપ કરે છે માટે ભવ્ય પ્રાણીઓએ ધર્મના કાર્યમાં પ્રમાદ—આળસ ન કરવું.

કેટલાક મનુષ્યો ધર્મના કાર્યો આગળ ઉપર કરવાના વિચારથી મુલતવી રાખે છે પરંતુ આયુષ્ય અસ્થિર છે. તેનો બીલકુલ ભરોંસો નથી. નાના કે મોટા સર્વે કાળના સપાટામાં તો આવી રહેલાજ છે. ઘરંટીમાં નાખેલા દાણાની પેઠે સર્વે જીવો કાળના મુખમાં આવેલા દાણા છે. ફરતી ઘંટીમાં જે દાણાનો વારો આવે તે કચરાઈ જાય છે તેમાં નાના મોટાની કાંઇ ગણના રહેતી નથી તેમજ કાળના મુખમાં નાના મોટાની કાંઇ ગણતી નથી. માટે જે ઉત્તમ કાર્ય કાલે કરવાનું હોય તે આજેજ કરવું. વાયદા ઉપર રાખતાં જે વખત કાળ આવી પહોચશે તે વખત વગર વિલંબે તેને સ્વાધિન તો થવુંજ પડશે અને મનની ધારણા મનમાં રહી જશે.

જે પ્રાણીઓ ધર્મના કાર્યો મુદતપર રાખે છે તેઓ સાંસારીક કાર્યમાં તેમ કરતા નથી પણ તેતો નિરંતર કર્યાજ કરે છે સારે જે કાર્ય કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ બંધ થાય તે કરવું અને આગામી ભવના સહાયક ભૂત ધર્માચરણ ન કરવું તે આત્મ હિતેચ્છુ જનોનું કર્તવ્ય નથી. આ પ્રમાણેના સદુપદેશને અંતઃકરણમાં ધારણ કરીને નિરંતર આળસને તજી દઈને ધર્મકાર્યમાં ઉદ્યમવંત થવું એજ શ્રેયસ્કર છે.

તથાસ્તુ.

# स्त्री.

આ સંસારના વિષે અનેક પ્રાણીઓ સ્ત્રી સંબંધી મોહને વિષે ફસી પડેલા છે. અને તેથી કૃત્યાકૃત્યનો વિચાર ભૂલી જઈને તેના વિલાસમાં નિમગ્ન થઇ રહે છે. શાસ્ત્રકાર પ્રાણીઓને અધોગતિ પમાડવાને સ્ત્રી એક મુખ્ય અને પ્રૌઢ સાધન છે એમ કહે છે. શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમને વિષે સ્ત્રી મમત્વ મોચના ધિકારે કહ્યું છે કે—

**निर्भूमिर्विषकंदली गतदरीव्याघ्री निराव्हीमहा**
**व्याधिर्मृत्युरकारणश्च ललनाऽनभ्रा च वज्राशनिः ॥**
**बंधुस्नेहविघात साहसमृषावादादिसंतापभूः**
**प्रत्यक्षापिचराक्षसीति बिरुदैः ख्यातागमे त्यज्यतां ॥ १ ॥**

"**સ્ત્રી** ભૂમિવિના ઉગેલી વિષકંદળી—વિષના નવા અંકુરની શિખા છે, ગુફાથી રહિત પણ વાઘણ સરખી છે, કોઈ નામ વિનાના પણ મહા રોગરૂપ છે, અકારણ–અપથ્ય સેવન અજીર્ણાદિક કારણો વિનાજ મૃત્યુ તૂલ્ય છે, વળી વાદળ રહીત વજ્ર સરખી વિજળીરૂપ છે, સ્વજનના સ્નેહનો નાશ કરનારી છે અને સાહસ જે અવિચારિત કાર્યનું કરવું તથા અસત્ય બોલવું અને આદિ શબ્દથી અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહાદિક તે સંબંધી જે સંતાપ તેની ઉત્પત્તિનું સ્થાનક છે વળી સાક્ષાત્ રાક્ષસી તૂલ્ય છે. આ પ્રમાણેના બિરૂદોએ કરીને સિદ્ધાંતમાં સ્ત્રીને વખાણેલી છે. માટે તેનો ત્યાગ કરવો એજ યુક્ત છે."

વળી શાસ્ત્રકાર ઉપદેશ આપે છે કે હે ભવ્ય પ્રાણી! સ્નેહે કરીને મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોહર છે વાણી જેની એવી સ્રીઓને વિષે પ્રેમે કરીને મોહ પામે છે પરંતુ શું તું એમ નથી જાણતો કે સંસાર સમુદ્રમાં પડતા પુરૂષના ગળાગાં સ્ત્રીઓ શિલાઓ બાંધે છે. વળી હે આત્મહિતેચ્છુ! ચામડી, હાડ, ચરબી, આંતરડા, પાંસળીઓ, મેદ, રૂધિર, માંસ, વિષ્ટા, મૂત્ર, કફ, પિત્ત, શ્લેષ્માદિક અપવિત્ર અને ક્ષણ વિનાશી પુદ્ગળના સ્કંધથી બનેલું જે સ્રીનું શરીર તેમાં તું સુઘટ આકાર જોઈને મોહ પામે છે પરંતુ વાસ્તવીક રીતે તેમાં તું શું મનોહર પણું દેખે છે એતો માત્ર અપવિત્ર અને અસ્થિર પુદ્ગળનો પિંડ છે તેમાં કાંઈ સાર નથી. વળી હે પ્રાણી! તું રસ્તે ચાલતાં થોડી પણ વિષ્ટાદિક દુર્ગંધી વસ્તુ દેખે છે તો નાક મચરડીને દુર્ગંચ્છા કરે છે, નાક આડું દુર્ગંધ ન પેસી જાય એવી ધારણાથી વસ્ત્ર ઢાંકે છે તો હે મૂર્ખ! એવા અપવિત્ર પદાર્થોથીજ ભરેલા એવા સ્રીના શરીરનો શું અભિલાષ કરે છે? વળી એવા દુર્ગંધી પદાર્થોવડે બનેલા તન્મય જે સ્રીઓના શરીર તેને વિષે મોહ પામીને તેનું સેવન કરનારા પ્રાણીઓ આ ભવમાં સંતાન પુત્રાદિક તથા દ્રવ્યાદિક તેની ચિંતાનો સંતાપ ભોગવે છે અને પરભવને વિષે દુર્ગતિ પ્રત્યે પામે છે.

વળી હે પ્રાણી! તું ચિત્તની પ્રસન્નતાએ કરીને સ્રીઓના અંગને વિષે મોહ પામે છે પરંતુ એક ક્ષણમાત્ર સુક્ષ્મ દષ્ટીએ કરીને સમ્યક્ પ્રકારે તેનું સ્વરૂપ વિચાર અને પવિત્ર અપવિત્રપણાનો ભેદ લક્ષમાં લે એટલે તને અપવિત્રપણાના પિંડરૂપજ સ્રી શરિર જણાશે માટે તું તેનો રાગ તજીને અળગો થા. વળી હે ભવ્ય! વિકસિત નેત્રવાળી સ્રીઓના મુખ, નેત્ર, સ્તન અને જંઘાદિક અવયવોને સરાગપણે જોતો તું મોહ પામે છે પરંતુ તથા પ્રકારના મોહ થકી ઉત્પન્ન થનારી મહા દુઃખમય નર્ક સંબંધી આગામિ કર્થનાઓનો તું કેમ વિચાર કરતો નથી? એ સ્રી વિષ્ટાદિકે ભરેલી ધમણ સરખી, બાર દ્વારથકી નિરંતર વહેતા અશુચિ પદાર્થોવાળી અને ચપળતા, કપટ અને અસત્યનાતો ગૃહરૂપ તેમજ પુરૂષોને ઠગવામાં અત્યંત કુશળતાવાળી છે. વળી જન્માંતરના સંબંધવડે અથવા સ્નાન, તિલક, વસ્ત્ર તથા આભરણોવડે મોહ પામીને તેનું સેવન કરતાં અવસ્ય અધો ગતિને આપનારી છે માટે ભવ્ય પ્રાણીઓએ સારાસારનો વિચાર કરીને તેનો ત્યાગ કરવો અને પોતાના આત્મગુણને પ્રગટ કરવા ઉદ્યમ કરવો. આત્મહિતવાંચ્છક જનોનું એજ કર્તવ્ય છે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्त्तमान समाचार.

અને

## जैनवर्गने अगत्यनी सूचना.

( પુનામાં પ્રતિષ્ટા મહોત્સવ. )

ગયા વૈશાખ શુદિ ૬ ઠે શ્રી પુના શેહેરમાં લસ્કર સદર બજારમાં ત્રણુ ચાર વર્ષથી બનાવેલા એક જૈનમંદિરમાં શ્રી વાસુપૂજ્ય સ્વામિની પ્રતિષ્ટા કરવામાં આવી છે. તે સંબંધી મહોત્સવ બહુ સુંદર થયો છે. લસ્કરમાં શ્રાવક વર્ગની સુમારે એક સો દુકાન છે. આ મહોત્સવમાં સૌને એક સરખો આનંદ હતો. દેશી પરદેશી માણસો સુમારે પાંચ હજાર એકઠું થયું હતું. વરઘોડા માટે શ્રી અમદાવાદથી ચાંદીનો રથ મંગાવ્યો હતો. શુદ ૫ મે તથા શુદ ૭ મે એમ બે વરઘોડા ચડયા હતા તેની શોભા પણુ અદ્ભુત હતી. બીજા સરંજામ સાથે વરઘોડામાં ત્રણુસેં તો ઘોડાગાડીઓ હતી. એ દેરાસરજી બંધાવવામાં સુમારે રૂપૈઆ પચીસ હજાર ખરચ્યા છે મુળનાયકજી પધરાવવાના રૂ ૨૫૦૦ ) થયા છે અને કુલ ઉપજ પંદર હજાર રૂપૈઆની થઇ છે. આવે પ્રસંગે જૈનવર્ગની ઉદારતા અને ઉત્સાહ બહુ મોટા રૂપમાં પ્રદર્શીત થાય છે. ગયે વર્ષે પણુ મારવાડીને દેરે પોસ શુદ ૧૨ શે પ્રતિષ્ટા થઇ છે તેમાં રૂ. ૨૦૦૦૦ ) ની ઉપજ દેરાસરજીમાં થયેલી છે. વળી એ શુભ પ્રસંગે જમણુવાર સુધાંત સર્વે ખરચ કરવાનું એક ગ્રહસ્થેજ રાખેલું તેણે સુમારે રૂપીયા પંદર હજાર ખરચ્યા છે. આ મહોત્સવમાં પણુ જમણુવાર આઠ દિવસ ચાલેલ છે અને પ્રતિષ્ઠાને દિવસે મોટું સ્વામિવત્સલ ( નવકારશી ) થયેલ છે.

પ્રસંગોપાત્ જૈનવર્ગને સૂચના તરીકે જણુાવવાની જરૂર લાગે છે કે હાલમાં દર વર્ષે ઘણે સ્થાનકે પ્રતિષ્ટા વિગેરે મહોત્સવ થયાના તેમજ એ શુભ કાર્યમાં હજારો રૂપૈયાનો ખર્ચ કર્યાના ખબર આવ્યા કરે છે અને તેથી જિનચૈત્ય અને જિન બિંબ એ બે ક્ષેત્રની પુષ્ટી સારી રીતે થયા કરે છે પરંતુ બાકીના ક્ષેત્રો માંહેના જ્ઞાન અને શ્રાવક શ્રાવીકા એ ક્ષેત્રીની પુષ્ટીના ખબર ક્વચીતજ મળે છે. કોઈ પણુ સ્થળે સારા મોટા પાયા ઉપર જૈનશાસ્ત્રોના ભંડાર કરાવ્યાના ખબર મળતા નથી તેમજ જૈનબંધુઓને વ્યવહારમાં નિતિવાન્ અને પ્રમાણિક થવા માટે તેમજ જૈનશાસ્ત્રોનો સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે અભ્યાસ કરીને શ્રાવકના આચારની શુદ્ધિ થવા માટે જ્ઞાનાભ્યાસ કરાવવા સારૂ જૈનશાળાઓ સ્થાપન થવાના ખબર કર્ણને પણ દુર્લભ થઇ પડયા છે. જે કાર્યની ખાસ આવશ્યકતા છે તે ઉપર આપણા જૈનબંધુઓનું લક્ષ દોરાતુંજ નથી. એક કરે તેમ બીજાએ કરવું એવી રૂઢી પડી ગઇ છે પરંતુ વિશેષ લાભના કારણનો વિચાર કરવામાં પાછળ પડેલા છે, સ્વામીવચ્છળ કરીને એક હજાર રૂપૈઆ ખરચનાર જો તેટલીજ રકમ જૈનબંધુઓના વિદ્યાભ્યાસની વૃદ્ધિ માટે જૈનશાળા સ્થાપીને વાપરેતો તેથી ઉત્તરોત્તર કેટલો બધો લાભ થાય તે વિચારવું જોઈએ. એટલુંજ નહીં પણ કદી એક ટંકમાં હજારો રૂપીઆ ખરચી ન નાખતાં ગરીબ સ્વામી ભાઈઓને આશ્રય દેવામાં તેટલા રૂપૈઆ વાપરે તો કેટલો વિશેષ લાભ થાય? વિચાર કરતાં અનુમાન બંધાય છે કે દર વર્ષે લાખો રૂપીઆ સ્વામી વત્સળ તરીકે દેશો દેશમાં આપણા જૈનબંધુઓ વાપરે છે પરંતુ ખરૂં સ્વામીવત્સળતો સીઝાતા શ્રાવક ભાઇઓને આલંબન દેવું તેજ છે. એક સાથે હજારો રૂપીઆ ખરચનારે કોઈ શ્રાવકને આજીવીકાને માટે યાચના કરતો જોઇ શું શરમાવું ન જોઈએ? તેમજ એક વખત પોતે સ્વામિ વત્સળ કરીને હજારો રૂપીઆ ખરચે અને બીજે વખત એક ખરેખરો દુખી સ્વામીભાઈ યાચના કરવા આવે તે વખત તેનો તીરસ્કાર કરે એ થોડી શરમની વાત છે? માટે શ્રીમંતોએ એકઠા મળીને એવા ખર્ચ કરવા માટે ધારેલા રૂપૈઆનું એક ફંડ કરીને તેમાંથી ગરીબ શ્રાવક ભાઈઓને આ જીવીકામાં આલંબન દેવું જોઈએ. ખર્ચની અડચણના કારણથી વિદ્યાભ્યાસ ન કરી શકનારા જૈનબાળકોને સહાય આપીને વિદ્યાભ્યાસમાં આગળ વધારવા જોઈએ. સારા શિક્ષકો રાખીને જૈનબંધુઓને શ્રાવકનો આચાર વિચાર સમજાવવો જોઈએ. સારી રીતે જૈનશાસ્ત્રનો અભ્યાસ કરાવીને તેમાં કેટલાએક શ્રાવકોને પ્રવીણ બનાવવા જોઇએ કે જેથી કોઈને જૈનશાળા સ્થાપવા વિચાર હોય તો તેને શિક્ષક મળી આવે અને તેની આજીવીકા સુલભ થાય. આવાં આવાં ખાસ કર્તવ્યો જૈનવર્ગ માંહેના શ્રીમંતોએ કરવા યોગ્ય છે. જો આવી બાબતપર લક્ષ દેવાશે તો સ્વપર દયાનો અને સ્વપરહિતનો ખરો લાભ મળી શકશે.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पुस्तकोनी पहोच.

स्त्री त્રિયા નિષેધ નિબંધ—રચનાર ગંગાબાઇ પ્રાણશંકર માણસા કન્યાશાળાના હેડ મીસ્ત્રેસ તરફથી બક્ષીસ આવેલ છે તે સ્વીકારીએ છીએ વિષયે ઉપયોગી છે પરંતુ તેને માટે લેખન શકિત વધારે સારી જોઇએ જેથી વાંચનારને અસર થઇ શકે. બુકના પ્રમાણમાં આઠ આના કિંમત વધારે રાખેલ છે. જોઇએ તેમણે ત્યાંથી મંગાવવી.

## ગ્રાહકોને અગત્યની સૂચના.

દરેક ગ્રાહકોએ લવાજમ મોકલવા સાથે ભેટની બુકના પોસ્ટેજ માટે અરધોઆનો પ્રથમથીજ વધારે મોકલવો જેથી ભેટ મોકલતાં વિલંબ ન થાય અને ગ્રાહકોને અરધોઆનો મોકલતાં બીજા અરધોઆનો ખરચવો ન પડે.

## છપાઇને બહાર પડી છે.

### चरितावळी અથવા जैनकथा संग्रह.

કિંમત દોઢ રૂપીઓ પોસ્ટેજ બે આના.

પ્રથમથી નામ નોંધાવવા સાથે કિંમતનો રૂપીઓ સવા અને પોસ્ટેજના બે આના મોકલનારને બુકો મોકલાવી છે. કિંમત ન મોકલી હોય તેણે મોકલવી અને બુક મંગાવી લેવી. પોસ્ટેજ ન મોકલ્યું હોય તેમણે પોસ્ટેજ મોકલવું.

નવા ગ્રાહકોને હવેથી કિંમત વધારવામાં આવી છે. તો પણ જૈનશાળા માટે અથવા ઇનામમાં આપવા માટે મંગાવનારને સારૂ પ્રથમનો ભાવજ કાયમ રાખ્યો છે. માટે જોઇએ તેમણે મંગાવી લેવી. કર્તા.

## છપાઇને-બહાર પડી છે.

### ढुंढक हितशिक्षा अपरनाम गप्पदीपिका समीर.

કિંમત અરધો રૂપીઓ. પોસ્ટેજ એક આનો.

ઢુંઢક મતના ખંડનમાં અદ્યાપિ પર્યંત ઘણા ગ્રંથો લખાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. ઘણી બુકો છપાયેલ છે તેમાં આ ગ્રંથે ઓર વધારો કર્યો છે. આ બુકમાં મુખ્ય તો ઢુંઢકમતિ આર્યા પાર્વતીની છપાવેલી જ્ઞાન (ગપ્પ) દીપીકાનું ખંડન છે પરંતુ પાછળ એકસો પ્રશ્નોતર વિગેરેમાં ઢુંઢકમતિની ઘણી કુયુકિતઓને અપાસ્ત કરેલી છે. ભાષા હિંદુસ્તાની પણ ખુલ્લી રીતે સમજી શકાય તેવી છે. અક્ષર શાસ્ત્રી છે. પુંઠા પાકા બંધાવેલ છે. બુકના અને પ્રયાસના પ્રમાણમાં કિંમત વધારે નથી. નવા ગ્રાહકોને માટે પણ પ્રથમ પ્રમાણેજ કિંમત રાખેલી છે. જોઇએ તેણે મંગાવવી. કિંમત પોસ્ટેજ સાથે નવ આના મોકલવા.

તંત્રી.

---

## लवाजमनी पहोच.

૧—૩ શા. ઘેલાભાઇ દેવચંદ
૧—૩ મેતા. નરશીદાસ અમરશી
૨—૪ શા. છગન ખીમચંદ
૧—૩ શા. મોહન વાલજી
૪—૮ બાઈ સુંદરબાઇ
૧—૩ શા. હીરાચંદ મોહનચંદ
૧—૩ શા. તલકશી પીતામર
૧—૩ શા. ઝુંઝા ભીખા
૧—૩ શ્રી જૈન જ્ઞાનોદ્યોતક સભા
૩—૯ દોશી ગોપાળજી રતનશી.
૧—૩ શા. લલુભાઇ નાગરદાસ.
૧—૦ શા. મગન તારાચંદ
૧—૩ ગાંધી કાળીદાસ દેવકરણ
૧—૩ ગાંધી કાળીદાસ કસ્તુર
૧—૩ શા. ભગવાન લવજી
૧—૩ શા. પ્રેમચંદ વીરપાળ
૦—૨ શા. શંભુરામ દેવચંદ
૧—૩ શા. ઘેલાભાઈ શવજી
૧—૩ શા. પ્રેમા લાલાજી
૧—૩ શા. સાકરચંદ ખેતશી
૧—૪ શા. મોતીલાલ જેચંદ
૧—૪ શા. મલુકચંદ હરજીવન
૧—૪ શા. ગરબડ મહોલાલ

૧—૪ શા. ચુનીલાલ જેઠાભાઇ
૧—૩ શા મગનલાલ ઠાકરશી
૧—૪ શા. ગગલભાઇ હરગોવનદાસ
૧—૩ શા. જ્ઞાનચંદ નાનાચંદ
૧—૩ શા. અંબાઈદાસ ગણેશ
૧—૩ બાઈ ચંચળ
૧—૩ શેઠ. સોગચંદ પાનાચંદ
૧—૩ શા. ચુનીલાલ ડાયાભાઈ
૧—૩ શા. હરીલાલ મગનલાલ
૧—૩ વોરા સુજાણચંદ જીવરાજ
૧—૩ શા૦ દામજી જેઠા
૧—૩ શેઠ ઓતમચંદ હીરજી.
૧—૩ શા૦ રૂપશી જેઠા.
૧—૩ શા૦ શામજી વીરજી
૧—૩ શા૦ ખુશાલદાસ કાળીદાસ.
૨—૬ વૈદ મગનલાલ ચુનીલાલ.
૨—૬ ડાકતર ગોવીંદરાવ દીપાજી
૧—૩ શા૦ સરૂપચંદ ધરમચંદ
૧—૩ શા.૦ ગીરધર લેરાભાઇ.
૧—૩ શા૦ મોતીચંદ ન્યાલચંદ.
૨—૭ શા૦ સુંદરજી કાળીદાસ
૪—૧૨ શા૦ છગન લખમીચંદ
૧—૩ શા૦ વીરચંદ જસરાજ.

For Private And Personal Use Only